# બીડી–કામદારોનાં ધરણાં

મેસર્સ જીવરાજ બીડી વર્કસ ગોમતીપુરનાં ૫૦૦ જેટલાં બીડી–કામદાર બેનોએ સરકારે નક્કી કરેલા લઘુતમ વેતન મુજબ તેમના વેતનમાં વધારો, બોનસ, પ્રોવિડન્ટ ફંડ, અને મજૂરકાયદા નીચે મળતા બધા હક્કની માગણી કરવા માટે જીવરાજ બીડીની ગોમતીપુર ખાતેની ફેક્ટરી સામે જુલાઈની ૧૦મીએ ધરણાં કર્યાં.

આ ગરીબ મહિલા બીડી–કામદારો ૧૯૮૩થી લઘુતમ વેતન અને અન્ય હક્કો મેળવવા માંગણી કરી રહ્યાં છે. આ બેનો 'સેવા'નાં સભ્યો છે અને સેવા યુનિયન મારફતે તેમના ઘણા બધા કેસો વેપારી સામે શહેરની અદાલતોમાં ચાલી રહ્યા છે. સરકારે બીડી–કામદારો માટે નક્કી કરેલું લઘુતમ વેતન ૧૦૦૦ બીડીના રૂ. ૧૯/૯૦ છે. જ્યારે આ કામદાર–બેનો ૧૦૦૦ બીડી તૈયાર કરી આપે છે ત્યારે માત્ર રૂ. ૮ થી ૧૦ જ મેળવે છે.

ઉપરાંત કેટલાક મહિનાઓથી બીડીમાં વપરાતા તેંદુ-પત્તાંના ભાવમાં વધારો થવાથી અને ખરાબ ગુણવત્તાનાં પત્તાં આવવાથી બીડીની છાંટ વધુ નીકળે છે જેથી વધારે મળવાને બદલે તેમના વેતનમાં વધુ ઘટાડો થયો છે. તેથી બીડી–કામદાર બેનોએ તેમની સહી સાથેનું આવેદનપત્ર જીવરાજ બીડીના માલિકને આપ્યું છે. તે નીચે મુજબ છે:

**આવેદનપત્ર**

અમે આપને ત્યાં વર્ષોથી બીડી વાળનાર તરીકે પ્રામાણિકતાથી અને નિષ્ઠાપૂર્વક કામ કરીએ છીએ.

અમને આખા દિવસની ૧૦ કલાકની મજૂરી બાદ અને ૧૦૦૦ બીડીનું લઘુતમ વેતન રૂ. ૧૯–૯૦ હોવા છતાં અમને ફક્ત રૂ. ૮ થી ૧૦ રૂપિયા જ મળે છે. આ ઉપરાંત અમને સૂકા (તમાકુ) પ્રમાણમાં ઓછું મળવાથી અને પત્તાં ખરાબ ગુણવત્તાનાં હોવાથી અમારી લગભગ ૧૦૦ થી ૨૦૦ બીડી છાંટ કરવામાં આવે છે. આથી અમને મળતી મજૂરી વધુ ઘટી જાય છે. આ ઉપરાંત અમને બીજા કોઈપણ મજૂરકાયદાઓનો જેવા કે બોનસ, પી. એફ., હક્કરજા, માંદગીરજા, પ્રસૂતિ રજા વગેરેનો લાભ મળતો નથી.

અમારી આપની સમક્ષ માંગ છે કે:

૧. અમને ૧૦૦૦ બીડીએ રૂ. ૨૧/– મજૂરી મળવી જોઈએ.

૨. અમારી બીડીની છાંટ બંધ થવી જોઈએ.

૩. અમને સારી ગુણવત્તાવાળાં પત્તાં અને પૂરતા પ્રમાણમાં તમાકુ મળવું જોઈએ.

૪. અમને દર વર્ષે ૨૦% બોનસ મળવું જોઈએ.

૫. અમારું પી. એફ. કપાવું જોઈએ.

૬. અમને વર્ષમાં ૩૦ દિવસ પગાર સહિત હક્કરજા મળવી જોઈએ.

૭. અમને વર્ષમાં ૧૫ દિવસ પગાર સહિતની માંદગી-રજા મળવી જોઈએ.

૮. અમને વર્ષમાં ૧૫ દિવસ આકસ્મિકરજા મળવી જોઈએ.

૯. અમને પગાર સહિત ૪૫ દિવસની પ્રસૂતિરજા મળવી જોઈએ.

અમારી આ બધી માંગણી વ્યાજબી હોઈ, અમારા જેવી ગરીબ બેનોના હિતમાં તે મંજૂર કરશો.

લિ.

અમે છીએ બીડી–કામદાર–બેનો

□